ક્રમાંક : જીસીવીટી/પરીક્ષા/૨૦૧૦/ ૮૧૫૩
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
બ્લોક નં. ૮, ત્રીજો માળ
ડો. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦
તારીખ:– ૩૧ / ૦૩ / ૨૦૧૦

**પરીપત્ર :–**

રોજગાર અને તાલીમ નિયામકશ્રી કચેરી હેઠળ વિવિધ તાલીમ સંસ્થાઓ તેમ જ અન્ય ખાતાઓ / સંસ્થાઓ દ્વારા ચાલતી અલગ અલગ યોજનાઓ પૈકી કેટલીક પરીક્ષાઓ ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,ગાંધીનગર દ્વારા લેવામાં આવે છે. રાજયમાં અલગ અલગ જગ્યાએ સંસ્થા/તાલીમ કેન્દ્રોમાં તાલીમ મેળવતા શોર્ટ ટર્મ કોર્ષના ઉમેદવારોની તાલીમ અલગ અલગ તારીખોએ શરૂ થયેલ હોય તેવું બને છે. એડમિશનમાં વિવિધ કારણોસર એકસૂત્રતા જણાતી નથી. પરીણામસ્વરૂપ કોઈ એક કોર્ષ અલગ અલગ અલગ સંસ્થાઓમાં અલગ અલગ તારીખોએ શરૂ થાય છે અને અલગ અલગ તારીખોએ પૂર્ણ થાય છે. જે તે સંસ્થાઓ દ્વારા પૂર્ણ થતા કોર્ષની પરીક્ષા લેવા માટે ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગમાં દરખાસ્ત કરવામાં આવે છે. પરીણામસ્વરૂપ ઘણા કિસ્સામાં એક જ કોર્ષની પરીક્ષા અલગ અલગ સંસ્થા માટે અલગ અલગ તારીખોએ ગોઠવવાની ફરજ પડે છે. જેના કારણે વહીવટી કારણભાર નોંધપાત્ર પ્રમાણમાં વધે છે અને ક્ષતિ થવાની સંભાવના નકારી ન શકાય.આમ થતું અટકાવવા અને પરીક્ષાતંત્રમાં એકસૂત્રતા લાવવા માટે હવે પછીથી કાયમી વ્યવસ્થા તરીકે નીચે પ્રમાણે નિર્ણયો કરવામાં આવે છે. જેનો અમલ પરીપત્ર ઈસ્યુ થયાની તારીખથી તરત જ અમલમાં આવશે.

(૧) એડમિશનની કાર્યવાહી સામાન્ય રીતે એક સાથે જ શરૂ થાય અને અલગ અલગ સંસ્થામાં એક સાથે જ કોર્ષ શરૂ થાય તે માટેની ઉચિત કાર્યવાહી સંબંધિત વહીવટીશાખાએ નિયંત્રિત કરવાની રહેશે.

(૨) આમ છતાં ટૂંકાગાળાના કોર્ષ અલગ અલગ તારીખોએ પૂર્ણ થાય તેની સંભાવના નકારી ન શકાય. આ સંજોગોમાં **જી.સી.વી.ટી દ્વારા દર વર્ષે ફેબ્રુઆરી, એપ્રિલ, જુન, ઓગષ્ટ, ઓકટોબર, ડીસેમ્બર મહિનાની ૧૮મી તારીખે પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.**

(૩) જે તે પરીક્ષામાં બેસવાપાત્ર ઉમેદવારોના બાયોડેટાની સંબંધિત પ્રિન્સીપાલ દ્વારા પ્રમાણિત કરાયેલ હાર્ડકોપી તેમજ નિયત પ્રોગ્રામ દ્વારા એનાયત કરેલ સોફટકોપી **જે તે માસની પાંચમી તારીખ સુધીમાં જી.સી.વી.ટીની કચેરી ખાતે મોકલી આપવાની રહેશે અને આ બાબતની જાણ નાયબનિયામકશ્રીને પણ કરવાની રહેશે.**

(૪) જે તે **પરીક્ષા માટેનું સાહિત્ય / પ્રશ્નપત્રો / એડમીટકાર્ડ / લાગુ પડતું હોય તે જી.સી.વી.ટી દ્વારા સંબંધિત** નાયબ નિયામકશ્રીની પ્રાદેશિક કચેરીને **સબંધિત માસની ૧૨ મી તારીખે** સુપરત કરવામાં આવશે.

(૫) ઉપરોકત દર્શાવેલ તારીખોએ રજાનો દિવસ આવતો હોય તો તે પછીનો કામકાજનો દિવસ ગણવાનો રહેશે.

(૬) **જો નિયત સમયમર્યાદામાં પરીક્ષાનો ડેટા રજુ કરવામાં આવેલ નહીં હોય તો તે પરીક્ષાની ત્યાર પછીની પરીક્ષામાં સમાવેશ કરવામાં આવશે. મોડી પરીક્ષા અન્વયે ઉપસ્થિત થતી કોઈપણ બાબતની જવાબદારી સમયમર્યાદામાં પરીક્ષાનો ડેટા નહી મોકલનાર સંસ્થાના સબંધીત કર્મચારી અને સંસ્થાના વડાની રહેશે.** આ અંગેનો કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.

(પાછળ)

(૭) પરીક્ષાર્થીઓના બાયોડેટા રજુ કરવામાં આવે તેની સાથે જ પરીક્ષા અન્વયેની નિયત ફી વગેરે જી.સી.વી.ટી,ગાંધીનગરના નામના ડીમાન્ડ ડ્રાફટથી જમા કરાવવાની રહેશે.તેમજ બાયોડેટાની સાથે તેની વિગતો પણ રજુ કરવાની રહેશે.

(૮) સદરહુ પરીક્ષાના પરીણામ સબંધીત પ્રાદેશીક કચેરીને પરીક્ષા પૂર્ણ થયાના બીજા દિવસે જમા કરાવવાના રહેશે. સબંધીત પ્રાદેશીક કચેરીએ ત્રીજા દિવસે પરીણામ જી.સી.વી.ટી. ખાતે જમા કરાવવાનું રહેશે.

(૯) અલગ અલગ રીતે અલગ અલગ કેન્દ્ર માટે પરીક્ષાનું આયોજન થઈ શકશે નહી જેની નોંધ લેવી.

(૧૦) ઉપરોકત સ્થાયી સૂચનાઓની અમલવારી એવી ટૂંકાગાળાની તમામ પરીક્ષાઓ માટે કરવાની રહેશે કે જેમાં પરીક્ષાની તારીખ જી.સી.વી.ટી દ્વારા નકકી કરવાની હોય છે.

(૧૧) ભારત સરકારશ્રી દ્વારા યોજાતી પરીક્ષાઓ / રાષ્ટ્રીયકક્ષાની પરીક્ષા આધારીત કૌશલ્ય સ્પર્ધાઓ અથવા અન્ય સત્તાધિકારી દ્વારા નિયત કરવામાં આવતી પરીક્ષાની તારીખોને ઉપરોકત ટાઈમ શીડયુલ લાગુ પડશે નહીં. પરંતુ તેવી પરીક્ષાઓ તેના મૂળ સમયપત્રક / સૂચનાઓ મુજબ લેવાની રહેશે.

નાયબ નિયંત્રક (પરીક્ષા)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તરફ........

નકલ સવિનય રવાના:—

(૧) નાયબનિયામકશ્રી(તાલીમ)ની પ્રાદેશિક કચેરી, અમદાવાદ/ વડોદરા/ રાજકોટ/ સુરત

(૨) મદદનીશ નિયામકશ્રી , શાખા – 'ચ' તેમજ 'ઘ' તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે..